# વાંચનનો આનંદ




ડોસિયર નં. 85

ટ્રાઈકોન્ટિનેન્ટલ: સામાજિક સંશોધન સંસ્થા

ફેબ્રુઆરી 2025

RED BOOKS DAY

tricontinental

આ ડોસિયરમાંની કલાકૃતિઓ રેડ બુક્સ ડે ના 2025 ના કેલેન્ડરમાંથી લેવામાં આવી છે. આ કેલેન્ડરની કુલ બાર કલાકૃતિઓમાંની દરેક ઈન્ટરનેશનલ યુનિયન ઑફ લેફ્ટ પબ્લિશર્સના સહયોગથી બનાવવામાં આવેલ છે. આ બધી કલાકૃતિઓ વિશ્વના અલગ-અલગ પ્રદેશની લાલ પુસ્તક (રેડ બુક)થી પ્રેરિત છે. રેડ બુક્સ ડે ડાબેરી પુસ્તકો, તેમના લેખકો તથા 21 ફેબ્રુઆરી 1848 ના રોજ કાર્લ માર્ક્સ અને ફ્રેડરિક એંગલ્સ દ્વારા સામ્યવાદી જાહેરનામું પ્રકાશિત કરવામાં આવ્યું, તે દિવસે તેમના દ્વારા શરૂ કરાયેલ લોક ચળવળની ઉજવણી કરે છે. આ તે દિવસ છે જે વાંચનના આનંદની ઉજાણી કરે છે.

**મુખ્યપૃષ્ઠ**

કેલ અબેલો (વેનેઝુએલા/યુટોપિક્સ અને ટ્રાઈકોન્ટિનેન્ટલ: સામાજિક સંશોધન સંસ્થા).

# વાંચનનો આનંદ

ડોસિયર નં. 85 | ટ્રાઈકોન્ટિનેન્ટલ: સામાજિક સંશોધન સંસ્થા
ફેબ્રુઆરી 2025


> આખું રશિયા વાંચન શીખી રહ્યું હતું, અને વાંચી રહ્યું હતું - રાજકારણ, અર્થશાસ્ત્ર, ઈતિહાસ - કારણ કે લોકો જાણવા માંગતા હતા... દરેક શહેરમાં, મોટાભાગના નગરોમાં, મોરચા પર, દરેક રાજકીય જૂથ પાસે પોતાનું અખબાર હતું, કેટલાક પાસે તો અનેક હતા. હજારો સંગઠનો દ્વારા લાખો પત્રિકાઓ વહેંચવામાં આવી રહી હતી અને સૈન્ય, ગામડાઓ, કારખાનાઓ, શેરીઓમાં ફેલાવવામાં આવી રહી હતી. શિક્ષણની તરસ, જે લાંબા સમય સુધી ભીતર દબાયેલી રહી હતી, તે ક્રાંતિ દ્વારા અભિવ્યક્તિના ઉન્માદમાં સ્ફોટ સાથે બહાર આવી. એકલી સ્મોલ્ની ઈન્સ્ટિટ્યૂટ(એ નામની એક સંસ્થા)માંથી જ, શરૂઆતના છ મહિના દરમિયાન, દરરોજ કાર કે ટ્રેન ભરાય તેટલું (ટનમાં જ ગણતરી કરવી પડે) સાહિત્ય બહાર નીકળતું હતું. આ સાહિત્ય રશિયાની જમીનને તરબોળ કરી દેતું હતું. રશિયા વાંચન સામગ્રીને શોષી લેતું હતું જેમ ગરમ રેતી પાણી પીવે છે તેમ, અતૃપ્ત રીતે. અને આ સાહિત્યમાં દંતકથાઓ, ખોટા ઈતિહાસ, ધાર્મિક સામગ્રી કે ગ્રંથો અને સસ્તી કાલ્પનિક કથાઓ નહોતી જે સામાન્ય રીતે વ્યક્તિને ભ્રષ્ટ કરતી હોય છે. પરંતુ, સામાજિક અને આર્થિક સિદ્ધાંતો, ફિલસૂફી, ટોલ્સટોય, ગોગોલ અને ગોર્કીના કાર્યોનું વાંચન થઈ રહ્યું હતું.
>
> જ્હોન રીડ, *દુનિયાને હચમચાવી દેનારા દસ દિવસો*, 1919.[1]

સામાન્ય શ્રમજીવી લોકોની ક્રાંતિએ સમાજના બંધનો તોડી નાખ્યા અને નવી દુનિયાનું નિર્માણ કરવા ભાર મુક્યો. તેમાંથી દરેક, પછી ભલે તે સીધી કે સ્પષ્ટ રીતે સમાજવાદી વિચારધારાથી પ્રેરિત હોય કે રાષ્ટ્ર-મુક્તિની ભાવનાથી સંચાલિત હોય, પ્રાચીન સામાજિક ધોરણોને ઉથલાવી દેવાના તથા સમાનતાના અસ્તિત્વ અને તેને પ્રાપ્ત કરવાના ઉત્સાહનો તેમાંથી સહુ કોઈ આપણને તેનો પુરાવો આપે છે. વીસમી સદીની મોટાભાગની ક્રાંતિઓ (મેક્સિકો, 1910; ચીન, 1911; ઈરાન, 1905–1911; રશિયા અને મધ્ય એશિયા, 1917) ખેડૂતો અને કામદારો દ્વારા સંચાલિત હોવાથી, તે મોટેભાગે જમીનદાર પ્રથાની કઠોરતાને કેવી રીતે રૂપાંતરિત કરવી તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જમીનદારની સત્તાને ઉથલાવી પાડવા માટે, માત્ર વધારાની જમીનની વહેંચણી કરવી (જમીન સુધારણા) તેટલું જ પૂરતું ન હતું; જમીનદારની સત્તા સામાજિક

ઉચનીચના મૂળમાં હતી જે ક્યારેક દૈવી સ્વરૂપ ધારણ કરતી હતી. જમીનના રેકોર્ડ(પુરાવાઓ) અને હિસાબી પુસ્તકો તથા શાહુકારો અને પાદરીઓના પુસ્તકોની અસ્પષ્ટ અને વાંચી ન શકાય તેવી લિપિ દ્વારા ખેડૂતો પર જુલમ ચલાવવામાં આવતો હતો. ખેડૂતોને વાંચવાની ક્ષમતાથી વંચિત રાખવામાં આવ્યા હોવાથી તેઓ શક્તિહીન બની ગયા હતા. આ એક એવી શક્તિ હતી જે એકવાર સમજી કે જાણી શકાયા બાદ, વિશ્વના ગરીબ ભાગોમાં આ દરેક ક્રાંતિઓમાં પોતાની ઓળખ સ્પષ્ટ કરી દીધી હતી.

ઓગણીસમી સદીમાં આ રાષ્ટ્રોમાં પ્રવર્તતી મૂડીવાદી સંસ્કૃતિએ વાંચનને વર્ગ દરજ્જાના સંકેત તરીકે અપનાવ્યું હતું. જો કે વ્યાપારી છાપકામના આગમન સાથે પુસ્તકો અને અખબારોનો જોરદાર વિકાસ થયો હતો, તેમ છતાં તે મુખ્યત્વે મૂડીવાદીઓ અને કેટલાક કિસ્સાઓમાં, નાના મૂડીવાદીઓ માટે હતા. મેક્સિકોમાં, જ્યાં બેનિટો જુઆરેઝ (1858-1872) ના રાષ્ટ્રપતિપદ હેઠળ શાળાકીય શિક્ષણ અને પ્રકાશન ઉદ્યોગનો વિસ્તાર કરવામાં આવ્યો હતો, ત્યાં અખબારનો ખર્ચ સરેરાશ કામદાર અથવા કેમ્પેસિનો (ખેડૂત) ની દૈનિક કમાણી કરતાં ઘણો વધારે હતો.[2] મેક્સિકો અને રશિયા જેવા દેશોમાં જમીનદારોના શાસન હેઠળ તથા ભારત અને આફ્રિકા ખંડની વસાહતોમાં, કામદારો અને ખેડૂતો માટે વાંચવાનું શીખવાની ખૂબ જ ઓછી તકો હતી. જ્યારે આ દેશોમાં ટ્રેડ યુનિયન અને સામ્યવાદી ચળવળો ઉત્પન્ન થઈ અને તેમના સંગઠનોએ અખબારો અને પત્રિકાઓ પ્રકાશિત કરવાની શરુ કરી, ઘણીવાર ગુપ્ત રીતે, ત્યારે જ મજૂર વર્ગ અને ખેડૂત સભ્યોને લખાણોની વ્યાપક ઉપલબ્ધતા પ્રાપ્ત થઈ. આ લખાણો તેમને સાક્ષર આયોજકો દ્વારા વાંચી સંભળાવવામાં આવતા હતા. સામૂહિક શિક્ષણનું આ સ્વરૂપ સાક્ષરતાની પ્રારંભિક શાળા બન્યું.

આ ડોસિયર, વાંચવાનો આનંદ, મેક્સિકોથી લઈને ભારત અને ચીનમાં આવી પરંપરાઓમાંથી ઉદ્ભવેલા અને આપણા સમયના લોકપ્રિય સાક્ષરતાના ઉદાહરણો પર પ્રકાશ પાડે છે. આ ડોસિયરનો છેલ્લો ભાગ રેડ બુક્સ ડે પર પ્રકાશ પાડશે, આ તે કાર્યક્રમ છે જે ભારતમાં શરૂ થયો હતો અને જે ત્યારબાદ - ઈન્ટરનેશનલ યુનિયન ઓફ લેફ્ટ પબ્લિશર્સની પહેલ દ્વારા - સમગ્ર વિશ્વમાં વિસ્તર્યો છે.




કલાકૃતિ: વેલેન્ટિના એગુઈરે (વેનેઝુએલા/યુટોપિક્સ)

# વાંચે મેક્સિકો

1910 ની મેક્સિકોની ક્રાંતિ સમયે, દેશની 1.5 કરોડની વસ્તીમાંથી ફક્ત 22% લોકો જ સાક્ષર હતા.[3] આગામી દાયકા સુધી મેક્સિકોમાં અશાંતિનો લાંબો સમય હાવી રહ્યો, જ્યાં સુધી 1920 માં અલ્વારો ઓબ્રેગોન રાષ્ટ્રપતિ પદ પર ન પહોંચ્યા અને સુધારાની પ્રક્રિયા ના શરૂ કરી. આ સુધાર પ્રક્રિયામાં ગ્રામીણ શાળાઓ ખોલવી, શિક્ષકોને તાલીમ આપવી, જાહેર પુસ્તકાલયો અને કલા શાળાઓ બનાવવી અને પ્રારંભિક વાચકો માટે પત્રિકાઓ અને પુસ્તકો પ્રકાશિત કરવા જેવી સામૂહિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો સમાવેશ થતો હતો. 1921 માં, જોસ વાસ્કોનસેલોસને જાહેર શિક્ષણના પ્રથમ સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને મેક્સિકોની સંસ્કૃતિનું લોકતાંત્રિકરણ કરવા માટે ઓબ્રેગોન દ્વારા તેમને સ્વતંત્ર કાર્યભાર સોંપવામાં આવ્યો હતો.[4] આ લક્ષ્ય સુધી પહોંચવા માટે, રાજ્યએ હજારો ગ્રામીણ શાળાઓ અને શિક્ષક તાલીમ સંસ્થાઓ બનાવી અને ગ્રામીણ શિક્ષકોના દૈનિક વેતનને એક પેસો(મેક્સિકોનું નાણું)થી વધારીને ત્રણ પેસો કર્યું.[5] મુખ્ય તાલીમ સંસ્થા ચલાવવા માટે, વાસ્કોનસેલોસે મેક્સિકોની કમ્યુનિસ્ટ પાર્ટીના સભ્ય એલેના ટોરેસ કુલારને જવાબદારી સોંપી, જેમણે આ સાંસ્કૃતિક મિશનનો સમગ્ર દેશમાં વિસ્તાર કર્યો અને એક દાયકામાં ચાર હજારથી વધુ શિક્ષકોને તાલીમ આપી. ટોરેસે 1921 માં હજારો વિદ્યાર્થીઓને ભોજન મળે રહે તે માટે શાળામાં નિ:શુલ્ક નાસ્તાનો કાર્યક્રમ પણ શરૂ કર્યો.[6]


વાસ્કોનસેલોસના નેતૃત્વ હેઠળ, જાહેર શિક્ષણ મંત્રાલય (સેક્રેટેરિયા ડી એજ્યુકેશન પબ્લિકા અથવા SEP) દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત જાહેર પુસ્તકાલયોના વિકાસ માટે જોરદાર પ્રયત્ન કરવામાં આવ્યો. તે માટે, SEP એ પુસ્તકાલયો બનાવવા માટે ભંડોળ પુરું પાડ્યું તેટલું જ નહીં પણ તેણે પુસ્તકોના સેટ (ગ્રામીણ પુસ્તકાલયો માટે પચાસ અને શહેરી કેન્દ્રો માટે એક હજાર) પણ છાપ્યા અને વિતરણ કર્યું. આનો ઉદ્દેશ ખેડૂતોના સાંસ્કૃતિક જીવનને પ્રોત્સાહન આપવાનો તથા તેમને વ્યવહારુ અને ઉત્પાદક જ્ઞાન પૂરું પાડવાનો હતો. આ પુસ્તકોમાં ગ્રીક ક્લાસિક્સથી લઈને મેક્સિકોનો ઈતિહાસ, ઘરગથ્થુ વ્યવસ્થાપન અને કૃષિ વિજ્ઞાન સહિત બધા પ્રકારના

પુસ્તકોનો સમાવેશ થતો હતો.[7] SEP એ શિક્ષકોનું મેગેઝિન, એલ મેસ્ટ્રો (શિક્ષક) પણ પ્રકાશિત કર્યું, જેમાં શિક્ષણ શૈલીઓ, શિક્ષણમાં નવા વિચારો અને પુસ્તક સમીક્ષાઓ જેવી માહિતી આપવામાં આવતી હતી. આ રાજ્ય પહેલની સાથે, 1934 માં સમાજશાસ્ત્રી અને અર્થશાસ્ત્રી ડેનિયલ કોસિયો વિલેગાસે તે સમયે નેશનલ સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ (હવે નેશનલ ઓટોનોમસ યુનિવર્સિટી ઓફ મેક્સિકોની સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ) ખાતે આર્થિક સંસ્કૃતિ ભંડોળની સ્થાપના કરી. જેણે શરૂઆતમાં અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓ વચ્ચે પુસ્તકોનું વિતરણ કર્યું અને પછીથી તે સમગ્ર લેટિન અમેરિકામાં પુસ્તકોની વિશાળ શ્રેણીનું વિતરણ કરવા માટેનું એક વાહન બન્યું.

જેમ જેમ મેક્સિકોની ક્રાંતિ સંસ્થાગત બની અને તેનું વર્ગ ચરિત્ર બદલાવા લાગ્યું, તેમ તેમ સંસ્કૃતિના લોકતાંત્રિકરણ પર ધ્યાન ઓછું થયું. સાક્ષરતા દર ચોક્કસપણે વધ્યો, પરંતુ તે લગભગ 70% પર સ્થિર રહ્યો, અને રાજ્યની શૈક્ષણિક અને જાહેર પુસ્તકાલય પ્રણાલીઓ સાક્ષરતાની ગુણવત્તા સુધારવામાં અસમર્થ રહી. નાણાકીય દબાણ જે 1982 માં મેક્સીકન દેવા કટોકટીમાં પરિણમ્યું હતું, તેના કારણે આ સંસ્થાઓ પ્રત્યેની પ્રતિબદ્ધતામાં ઘટાડો થતાં શાળાઓ અને પુસ્તકાલયો બંનેના ભંડોળમાં ઘટાડો જોવા મળ્યો. જેમ જેમ મેક્સિકોના નીતિનિર્માતાઓ નવઉદારવાદની આદતોમાં ફસાઈ ગયા, તેમ તેમ સમાજમાં અન્ય પ્રવાહો સાક્ષરતા પ્રત્યે ઘટી રહેલા ધ્યાન અને તેના પતનને રોકવા માટે લડ્યા. 1986 માં, પુસ્તકાલયોના જનરલ ડિરેક્ટર દ્વારા માય સમર વેકેશન ઈન ધ લાઈબ્રેરી (પુસ્તકાલયમાં મારું ઉનાળું વેકેશન, મિસ વેકાસિઓનેસ એન લા બિબ્લિઓટેકા) નામનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો, જેના દ્વારા લાખો બાળકો અને યુવાનોએ વિવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે જાહેર પુસ્તકાલયોની મુલાકાત લીધી હતી.[8] મેક્સિકોની પુસ્તકાલય પ્રણાલીએ આ કાર્યક્રમને આધાર બનાવીને સાંસ્કૃતિક, સંગીત અને વાર્તા કહેવાના ઉત્સવો યોજ્યા છે. 1993 માં અભ્યાસક્રમને અદ્યતન બનાવ્યા બાદ શૈક્ષણિક સુધારાના નેજા હેઠળ 1995 માં, SEP એ રાષ્ટ્રીય વાંચન કાર્યક્રમ (નેશનલ પ્રોગ્રામ ફોર પ્લાનિંગ, પ્રોગ્રામા નેશનલ પેરા લા લેક્ટુરા) ની રચના કરી, જેનું નામ 2000 માં વાચકોના એક દેશ તરફ (ટોવર્ડ અ કન્ટ્રી ઓફ રીડર્સ, હેસિયા અન પેઇસ ડે લેક્ટોરેસ) રાખવામાં આવ્યું. આ કાર્યક્રમની એક આધારશીલા દેશભરની શાળાના પુસ્તકાલયો માટે 75 પુસ્તકોની વાર્ષિક પસંદગી કરવાનું તથા તેનું ઉત્પાદન અને વિતરણ કરવું હતું.

2008 માં, વાંચન અને પુસ્તક પ્રોત્સાહન માટે મેક્સિકોનો રાષ્ટ્રીય કાર્યક્રમ (પ્રોગ્રામા ડી ફોમેન્ટોપારા એલ લિબ્રો વાય લા લેક્ટુરા) દ્વારા સાક્ષરતાનો ઉપયોગ કરીને સામાજિક અસમાનતા ઘટાડવા અને જ્ઞાનની પહોંચ વધારવા વાંચે મેક્સિકો (મેક્સિકો રીડ્સ,મેક્સિકો લી) પ્રોજેક્ટની સ્થાપના કરી. આ કાર્યક્રમ મેક્સિકોના પોતાના સાક્ષરતા અભિયાનના ઈતિહાસથી પ્રભાવિત હતો. તદ્‌ઉપરાંત, આ કાર્યક્રમ સમગ્ર લેટિન અમેરિકામાં ખૂબ પ્રભાવશાળી રહેનાર, ક્યુબાની ક્રાંતિ દ્વારા 2001 માં બનાવવામાં આવેલ 'યો, સિ પુએડો' (હા, હું કરી શકું છું) પુખ્ત સાક્ષરતા અભ્યાસક્રમ (ક્યુબાના 1961 ના સાક્ષરતા કાર્યક્રમમાંથી લેવામાં આવ્યો છે) પર આધારિત પરંપરામાં મૂળ ધરાવે છે. પછીના વર્ષે, 2009 માં, આર્થિક સંસ્કૃતિ ભંડોળ (ફોન્ડો ડી કલ્ચુરા ઈકોનો-મિકા) ના ડિરેક્ટર પેકો ઈગ્નાસિયો તાઈબો II અને લેખક પાલોમા સાઈઝ તેજેરોએ આઝાદીમાં વાંચન કરતું જૂથ (બ્રિગેડ ટુ રીડ ઈન ફ્રીડમ, બ્રિગડાપારા લીરેન લિબર્ટાડ) ની સ્થાપના કરી જેથી એવા પુસ્તકો પ્રકાશિત કરી શકાય, જે લોકો વિનામુલ્યે ડાઉનલોડ કરી શકે અથવા પુસ્તક મેળાઓ અને સાંસ્કૃતિક ઉત્સવોમાંથી લઈ શકે. જૂથ(બ્રિગેડ) ના હૃદયમાં વાંચનનો આનંદ છે. જેમ પાલોમા સાઈઝ તેજેરો સમજાવે છે:

> વાંચન અપેક્ષાઓ અને જ્ઞાનની શ્રેણી ખોલે છે જે તમારી પાસે સામાન્ય રીતે હોતી નથી; તે તમને વધુ ટીકાત્મક બનાવે છે અને તમારા જીવનના દરેક દિવસે તમારો(પોતાનો) બચાવ કરવા માટે તમને શસ્ત્રો આપે છે; તે તમને વધુ સુંદર કે સમૃદ્ધ બનાવશે નહીં; જે પુસ્તકો તમને કહે છે કે જો તમે વાંચશો તો આવી ઘટનાઓ બનશે, તે નર્યું જૂઠાણું છે. એવું (શક્ય) નથી હોતું. તમે વધુ બુદ્ધિશાળી પણ નહીં બનો; પરંતુ તે તમને સ્પષ્ટતા આપે છે કે તમે શું કરવા માંગો છો અને શું નથી કરવા માંગતા.[9]




કલાકૃતિ: ઓથમાન ગાલ્મી (મોરોક્કો/વર્કર્સ ડેમોક્રેટિક વે)

# વાંચન ચીની લોકોને ટટ્ટાર ઊભા રહેવામાં મદદ કરે છે

1911 માં કિંગ રાજવંશનો અંત આવ્યો તે પહેલાં, મોટાભાગની વસ્તી ખાસ કરીને સ્ત્રીઓ નિરક્ષરતાથી પીડાતી હતી. ઓગણીસમી સદીના અંતમાં સાક્ષરતા દર અંદાજે 10-15 % હતો.[10] ત્યારબાદના વર્ષોમાં મુખ્યત્વે ચીની સમાજમાં થયેલા વિક્ષેપને કારણે સાક્ષરતામાં બહુ સુધારો થયો નહોતો, પરંતુ 1949 ની ચીની ક્રાંતિ પછી તેમાં બદલાવ આવ્યો. કેવળ 1950 ના દાયકામાં જ સાક્ષરતા દર નોંધપાત્ર રીતે વધવા લાગ્યો, જે 1959 સુધીમાં તો 57% સુધી પહોંચી ગયો.[11] 2021 સુધીમાં, ચીનમાં પુખ્ત સાક્ષરતા દર વધીને 97% થયો હતો, જે વિશ્વમાં સૌથી વધુમાંનો એક છે. છેલ્લા સાત દાયકા દરમિયાન ચીને કરેલી વ્યાપક સિદ્ધિને 'માનવ ઈતિહાસના લગભગ સૌથી મોટા શૈક્ષણિક પ્રયાસ' તરીકે ઓળખવામાં આવે છે.[12]

આ સિદ્ધિઓ 1949 ની ક્રાંતિ પછી તરત જ ચીનના સામ્યવાદી પક્ષ (કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈના, CPC) દ્વારા શરૂ કરાયેલી પહેલનું પરિણામ હતી. આ પહેલ દક્ષિણ-પૂર્વ અને ઉત્તર-મધ્ય ચીનમાં અનુક્રમે જિયાંગસી સોવિયેત (1931-1934) અને યાન'આન સોવિયેત (1936-1948) જેવા પ્રયોગો પર આધારિત હતી. આના થકી ગ્રામીણ અને પુખ્ત સાક્ષરતાને ધ્યાનમાં રાખીને અને તેને લક્ષ્ય બનાવીને વિવિધ પ્રકારના સાક્ષરતા અભિયાનો અમલમાં મૂકવામાં આવ્યા હતા. આ બંને અભિયાનો સોવિયેત યુનિયનના સાક્ષરતા વધારવાના પ્રયત્નો પર આધારિત હતા, જેમ કે નિરક્ષરતા નાબૂદી અભિયાન ‘લિકબેઝ’, જેણે તમામ સોવિયેત પ્રજાસત્તાક ઘટકોમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી હતી. તેનું કારણ એ હતું કે તેણે પુખ્ત સાક્ષરતા કાર્યક્રમોના જ્ઞાનને સુવ્યવસ્થિત કરવાનું શરૂ કર્યું.* 1921 માં, વી. આઈ. લેનિને આર્થિક નીતિ પરની એક પરિષદમાં જાહેર કર્યું હતું કે જો નિરક્ષરતા રહેશે તો કોઈ પ્રગતિ થશે નહીં. લેનિને કહ્યું હતું કે, 'સાક્ષરતા વિના કોઈ રાજકારણ હોઈ શકે નહીં; તેના વિના અફવાઓ, ગપસપ, પરીકથાઓ અને પૂર્વગ્રહો છે, પરંતુ રાજકારણ નથી'.[13]

જોકે નવા ચીનના સાક્ષરતા અભિયાનને આકાર આપતી પ્રવૃત્તિઓની સમગ્ર રચનાનો સારાંશ આપવો અશક્ય છે, પણ તેમાંથી ત્રણ પર ભાર મૂકવો આવશ્યક છે:

1. નિરક્ષરતા માટેનો ચીની શબ્દ 文盲, અથવા 'ટેક્સ્ટ બ્લાઈન્ડ' છે, જે સાક્ષર ગણાવા માટે ચીની અક્ષરોને જાણવાના ઐતિહાસિક કેન્દ્રસ્થાનનો સંકેત આપે છે. છતાં, ચીની ભાષામાં રહેલા 100,000 થી વધુ અક્ષરોએ સમાજમાં સંપૂર્ણ સાક્ષરતા પ્રાપ્ત કરવામાં અવરોધો ઉભા કર્યા. 1955 માં, ક્રાંતિકારી સરકારે સાક્ષરતાને આગળ વધારવા માટે એક વ્યવસ્થિત માર્ગ બનાવવા માટે ચાઈનીઝ લેખિત ભાષામાં સુધારા માટેની સમિતિની સ્થાપના કરી. જેમ કે ગ્રામીણ રહેવાસીઓ માટે અક્ષરોની સૂચિને 1,500 અને શહેરી રહેવાસીઓ તથા ગ્રામીણ નેતાઓ માટે 2,000 સુધી ઘટાડીને સાક્ષરતા માટેની લઘુત્તમ આવશ્યકતા નક્કી કરી.[14] 1958 માં, પ્રાથમિક શાળાઓએ પિનયિન (ચાઈનીઝ અક્ષરોનું પ્રમાણભૂત રોમાનીકરણ) અને સરળ ચાઈનીઝ અક્ષરોનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું.

* આ ડોસિયરમાં તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી નહોવા છતાં, સોવિયેત યુનિયન બાકીના વિશ્વમાં તેના સાક્ષરતા અભિયાનો માટે અનુકરણીય હતું. સોવિયેત સાક્ષરતાના આંકડા આખી વાર્તા કહેતા નથી, આ તે વાર્તા છે કે સોવિયેત કેવી રીતે નિરક્ષરતાની આફતને આટલી ઝડપથી હરાવવામાં સક્ષમ બની શક્યું. દાખલા તરીકે, સોવિયેત દ્વારા ભૂતપૂર્વ ઝારવાદી સામ્રાજ્યના ગ્રામીણ ભાગોમાં વાંચન ઝૂંપડીઓ (ઈઝબી-ચિતાલ'ની) અને મેદાનમાં 'રેડ યુર્ટ્સ' (તંબુ) સ્થાપ્યા જેમાં તેઓ તબીબી એકમો અને સાક્ષરતા ટીમો રાખતા હતા. આ વાર્તા યોગ્ય રીતે કહેવામાં આવી નથી.

2. મેક્સિકો અને રશિયાની જેમ, ચીની ક્રાંતિએ ગ્રામીણ અને પુખ્ત સાક્ષરતા, બંનેના મહત્વ પર ભાર મૂક્યો: જો માતાપિતાને વાંચન અને લેખનનું મહત્વ સમજાવવામાં ન આવે, તો તેમના બાળકોમાં વાંચનનો આનંદ કેળવી શકાય નહીં. ચીનના નિરક્ષરતા વિરોધી અભિયાનના સૌથી અગ્રણી નેતાઓમાંના એક, લિન હાન્ડાએ 1955 માં કહ્યું હતું કે અક્ષરો શીખવાથી સાક્ષરતા વ્યાખ્યાયિત થવી જોઈએ નહીં; તેના બદલે, સાક્ષરતા માટેની ઝુંબેશનો અંતિમ ધ્યેય ખેડૂત વર્ગને તેમના જીવનને સમૃદ્ધ બનાવવાનો અને તેમની ઉત્પાદકતા વધારવા માટે સક્ષમ બનાવવાનો હોવો જોઈએ. પછીના વર્ષે જારી કરાયેલા નિરક્ષરતા વિરોધી હુકમનામા મુજબ, ગ્રામીણ પુખ્ત સાક્ષરતા 'વ્યવહારિકતાને એકીકૃત કરવા' (*લિયા-*

*નક્ષી શીજી*) અને 'અમલમાં મૂકવાના હેતુ માટે શિક્ષણ' (*ઝુએઈઝિયોંગ*) ના સિદ્ધાંતો પર આધારિત હોવી જોઈએ.[15]

3. અંતે, ચીની ક્રાંતિએ તેના સાક્ષરતા કાર્યક્રમોમાં જાહેર પુસ્તકાલયોની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો. 1949 માં, ચીનમાં ફક્ત 55 જાહેર પુસ્તકાલયો હતા. લોકતાંત્રિકરણ પર ભાર મૂકવાના ભાગ રૂપે, નવીન ચીને ખેડૂતો માટે ગ્રામીણ વિસ્તારોમાં પુસ્તકાલયો અને કામદારો માટે ફેક્ટરી પુસ્તકાલયો બનાવ્યા. 1956 સુધીમાં, ચીને 1,82,960 ગ્રામીણ વાંચન ખંડો સ્થાપિત કર્યા હતા જેમાં વિવિધ પ્રકારની સામગ્રી રાખવામાં આવી હતી.[16]

આવી પહેલથી ચીની સમાજ નિરક્ષરતા દૂર કરવામાં સક્ષમ બન્યો. આજે ચીન નવા પડકારોનો સામનો કરી રહ્યું છે, જેમ કે યુવાનોને સ્ક્રીન અને વિડિયો ગેમ્સના વ્યસનથી દૂર કરવાનો. 2021 માં, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે જાહેરાત કરી હતી કે તેમની સરકાર યુવાનોમાં ઓનલાઈન વિડિયો ગેમના ઉપયોગને અઠવાડિયામાં ત્રણ કલાક સુધી મર્યાદિત કરશે, જે વિડિયો ગેમ ઉદ્યોગ અને માતાપિતા એમ બંને દ્વારા નિયંત્રિત કરવામાં આવશે. 2022 માં, રાષ્ટ્રપતિ શીએ વાંચન પરની પ્રથમ રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન એક ભાષણ સાથે કર્યું જેમાં વાંચનનું મહત્વ ફક્ત જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જ નહીં, પરંતુ શાણપણને વિસ્તૃત કરવા અને સદ્ગુણો કેળવવા માટે પણ છે તેના પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો:


પ્રાચીન કાળથી, ચીની લોકોએ વાંચનની હિમાયત કરી છે અને વસ્તુઓની પ્રકૃતિનો અભ્યાસ કરીને જ્ઞાન પ્રાપ્ત કરવા અને નિષ્ઠાપૂર્વક વિચાર કરીને મનને સુધારવા પર ભાર મૂક્યો છે. વાંચન ચીની લોકોને દ્રઢતાની પરંપરાગત ભાવનાને આગળ વધારવા તથા આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતાના તેમના ચરિત્રને આકાર આપવામાં મદદ કરે છે.

હું પક્ષના સભ્યો અને અધિકારીઓને વાંચન અને શીખવામાં આગેવાની લેવા, સદ્ગુણો અને આદર્શોને પ્રોત્સાહન આપવા તથા ક્ષમતાઓ સુધારવા માટે હાકલ કરું છું. મને આશા છે કે આપણા બધા બાળકોને વાંચવાની તથા વાંચનનો આનંદ માણવાની ટેવ પડશે અને આપણા બાળકો સ્વસ્થ રીતે મોટા થશે. હું ઈચ્છું છું કે આપણા બધા લોકો વાંચનમાં પરોવાયેલા રહે અને

એવા વાતાવરણમાં ફાળો આપે જ્યાં દરેકને વાંચન ગમે છે. બધા પાસે વાંચવા માટે સારા પુસ્તકો હોય અને વાંચનમાંથી કેવી રીતે લાભ મેળવવો તે વિશે તેઓ જાણે.[17]

તે જ વર્ષે, શાંઘાઈ લાઈબ્રેરી (પૂર્વ શાખા) જાહેર જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. પુડોંગ જિલ્લાના સેન્ચ્યુરી પાર્કથી રસ્તાની પેલે પાર, પુસ્તકાલય દરરોજ ખૂબ જ પ્રવૃત્તિઓથી હર્યુંભર્યું(ભરેલું) રહે છે, ખાસ કરીને રવિવારે સાંજે. ગ્લોબલ સાઉથ (દક્ષિણ દુનિયા)ના ઘણા ગરીબ દેશોમાં, સામાન્ય રીતે બાળકો આ સમયે શેરીઓમાં રમતા જોવા મળે છે. ગ્લોબલ નોર્થ (ઉત્તર દુનિયા) માં, કદાચ બાળકો ઘરની અંદર હશે, આંખો પિક્સેલ સ્ક્રીન પર ચોંટી ગઈ હશે. શાંઘાઈમાં, બાળકો પુસ્તકોના ઢગ(જથ્થા) એકત્રિત કરે છે, ક્યારેક પિતા, માતા અથવા દાદા-દાદીના ખોળામાં બેઠેલા હોય છે, ઉત્સાહથી એક પાના બાદ બીજું પાનું ફેરવતા જતા હોય છે.

પુસ્તકાલયનો એક નાનો પણ મુખ્ય ભાગ માર્ક્સવાદી સાહિત્યને સમર્પિત હોય છે. છાજલીઓ કાલક્રમાનુસાર ગોઠવાયેલી હોય છે: કાર્લ માર્ક્સ અને ફ્રેડરિક એંગલ્સ, માઓ ઝેડોંગ, ડેંગ ઝિયાઓપિંગ, શી જિનપિંગ. પુસ્તકાલયનો સૌથી વધુ સંસ્મરણીય (યાદ રહી જાય તેવો) વિભાગ બાળકોનો વિભાગ છે, જે બાળકો માટેના રંગબેરંગી પુસ્તકોની હરોળ પર હરોળથી ભરેલો છે, જેમાં સોફા, ટેબલ અને બૂથ છે જે તમને બેસીને વાંચવા માટે આમંત્રણ આપે છે. આ તે જગ્યા છે જ્યાં લોકો - પુખ્ત વયના અને બાળકો બંને - તેમના વાંચનના અધિકારનો ઉપયોગ કરવા આવે છે (1948 ના માનવ અધિકારોના સાર્વત્રિક ઘોષણાની કલમ 26 દ્વારા દર્શાવેલ). આ પરંપરામાં વાંચન એ એક નિશ્ચિત સામાજિક પ્રવૃત્તિ છે જે સહાનુભૂતિ અને જ્ઞાનાત્મક ક્ષમતા વિકસાવવામાં મદદ કરે છે. ખાસ કરીને યુવાનોમાં, અને લોકોને તેમના ઈતિહાસ, સંસ્કૃતિ, ભાષા અને પૂર્વજો સાથે જોડે છે.




જુનૈના મોહમ્મદ દ્વારા આર્ટવર્ક (ભારત/યુવા સમાજવાદી કલાકારો)

# કેરળ (ભારત) માં પુસ્તકોની સુગંધ

આશરે 3.34 કરોડની વસ્તી ધરાવતું દક્ષિણ-પશ્ચિમ ભારતનું રાજ્ય કેરળ, લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (ડાબેરી લોકતાંત્રિક મોરચા) દ્વારા શાસિત છે, જેનો મુખ્ય પક્ષ ભારતનો સામ્યવાદી પક્ષ[કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈંડિયા] (માર્ક્સવાદી) અથવા CPI(M) છે.[18] જો તમે રાજ્યના કોઈપણ નગર કે શહેરમાં વાહન ચલાવો છો, તો તમે ભાડેથી પુસ્તકો લઈને વાંચતા અથવા ટેબલ પર બેસીને વાંચતા લોકોથી ભરેલું એક જાહેર પુસ્તકાલય ચોક્કસપણે જોશો. સામ્યવાદી ચળવળની સક્રિય હાજરીને કારણે વાંચનની કાયમી પરંપરા ધરાવતા કેરળમાં નવ હજારથી વધુ જાહેર પુસ્તકાલયો છે.

1920 ના દાયકામાં, બ્રિટિશ સામ્રાજ્યવાદને પરાજિત કરવા માટેના આંદોલન દરમિયાન, વસાહતી વિરોધી ભારતીય રાષ્ટ્રવાદે સાક્ષરતાના મહત્વને તેના એજન્ડા(કાર્યસૂચિ)માં મૂક્યું. સાક્ષરતા અભિયાન માટેનું એક સાધન જાહેર પુસ્તકાલય હતું, જે પહેલાથી જ વધુ ઉદાર રાજકુમારો (જેમ કે બરોડા, જે હવે વડોદરા તરીકે ઓળખાય છે) દ્વારા શાસિત ભારતના રાજ્યોમાં વિકાસ એજન્ડાનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગયું હતું. ભારતમાં પુસ્તકાલય ચળવ-ળના કિસ્સા (ની વાર્તા) વિશે રસપ્રદ વાત એ છે કે તેના ઘણા પ્રણેતાઓ એક મિત્રોના જૂથો હતા જેમણે તેમના ગામડાઓ અને નગરોમાં નાની પુસ્તકાલયો શરૂ કરવા માટે તેમના પુસ્તકો અને અખબારો ભેગા કર્યા હતા. ઉદાહરણ તરીકે, કેરળના પુસ્તકાલય ચળવળના પિતા તરીકે જાણીતા પી. એન. પણિ-ક્કર યાદ કરે છે કે કેવી રીતે, જ્યારે તેઓ એક અખબારનું લવાજમ ભરી તેના ગ્રાહક બનવામાં સફળ થયા જે મોટાભાગે શ્રીમંત લોકો જ કરી શકતા હતા ત્યારે તેમના ઘરે આઠ કે તેથી વધુ લોકો ભેગા થતા અને તેમને મોટેથી વાંચવાનું કહેતા. તેમણે જણાવ્યું કે, 'જ્યારે અમે અખબાર ચૂકી જતા ત્યારે હું તેમને મહાન પુરુષોના જીવનચરિત્ર વાંચી સંભળાવતો હતો'; 'મારા એક મિત્ર બે અન્ય દૈનિકોમાં લવાજમ ભરીને તેના ગ્રાહક બન્યા હતા, અને તેમની પાસે પુસ્તકોનો એક નાનો સંગ્રહ પણ હતો. આ પુસ્તકો અને અખબારોને એક નાના રૂમમાં ભેગા કરીને, આ હેતુ માટે મફતમાં એક રૂમ ભાડે રાખીને, અમે એક નાનું પુસ્તકાલય શરૂ કર્યું'.[19] આવી તો હજારો વાર્તાઓ છે. આમાંની

ઘણી પુસ્તકાલયો પાછળથી રાજ્ય પુસ્તકાલય પ્રણાલીનો ભાગ બની અને પુસ્તકાલયોમાં સંસાધનોની જોગવાઈ દ્વારા ઘણો ફાયદો પ્રાપ્ત થયો છે. જ્યાં પુસ્તકાલય ચળવળ કેન્દ્રિત અને શરૂ થઈ છે તેવા કેરળમાં અને ભારતના અન્ય ભાગોમાં આવી નાની પુસ્તકાલયો પુસ્તકાલય ચળવળને દ્રઢ કરવાનું ચાલુ રાખે છે.

ઉદાહરણ તરીકે, મયિલ પંચાયત ગ્રામ, 29,000 થી વધુ લોકોની વસ્તી ધરાવતું ગામ છે, જે કન્નુર જિલ્લાની 93 સ્થાનિક સરકારોમાંનું એક છે. કન્નુર જિલ્લો કેરળમાં સૌથી વધુ પુસ્તકાલયો ધરાવતો જિલ્લો છે. આ વિસ્તારમાં કેરળ રાજ્ય પુસ્તકાલય પરિષદ સાથે સંલગ્ન 34 પુસ્તકાલયો છે. તેનો અર્થ એ કે દર ચોરસ કિલોમીટરમાં લગભગ એક પુસ્તકાલય છે અને દરેક પુસ્તકાલયમાં લગભગ 872 લોકોને બેસવાની ક્ષમતા છે. વિશ્વના કોઈપણ ભાગ માટે પુસ્તકાલયોની આ ઘનતા ખરેખર અસાધારણ છે. આ પુસ્તકાલયોને રાજ્ય દ્વારા સારી રીતે ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને તે કમ્પ્યુટર્સ અને સુવ્યવસ્થિત સૂચિથી સજ્જ છે. વધુમાં, તે સારી રીતે પ્રશિક્ષિત ગ્રંથપાલોથી સજ્જ છે જે સમગ્ર સમુદાય માટે એક સક્રિય અને ઉપલબ્ધ સંસાધન છે.

આ દરેક પુસ્તકાલયોની પૃષ્ઠભૂમિ છે, અને તેમાંથી ઘણા પુસ્તકાલયોના નામ રાષ્ટ્રવાદી અથવા સામ્યવાદી નેતાઓ જેવા સામાજિક કાર્યકરોના નામ પરથી રાખવામાં આવ્યા છે. કન્નુરમાં તેમાંનાં કેટલાંક નીચે મુજબ છે:

- વેલમ પબ્લિક રીડિંગ હોલ[વેલમ જાહેર વાંચનાલય] (વેલમપોટુજાના વાયનશાલા), મયિલમાં આવેલો છે.*1934 માં, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સભ્ય ઈશ્વરન નમ્બુથિરી ગ્રામજનોમાં હિન્દી ભાષાને પ્રોત્સાહન આપવા માટે મયિલ પંચાયત (ગ્રામ્ય પરિષદ)માં આવ્યા હતા. તેમણે તેમની શાળા માટે એક નાનો શેડ બનાવ્યો હતો, જે આજે 18,000 પુસ્તકો સાથેનું એક પુસ્તકાલય બની ગયું છે.

- પરલ પબ્લિક રીડિંગ હોલ (પરલપોટુજન વાયનશાલા) જે થલસેરીમાં સ્થિત છે. 1934 માં, કૌમુદી નામની સોળ વર્ષની છોકરીએ બ્રિટિશ સામ્રાજ્ય સામેની સ્વતંત્રતા ચળવળમાં યોગદાન તરીકે એમ. કે. ગાંધીને પોતાનાં સોનાનાં ઘરેણાં દાનમાં આપ્યાં હતાં. આ સોનામાંથી મળેલા પૈસાનો ઉપયોગ પુસ્તકાલયના નિર્માણ માટે કરવામાં આવ્યો હતો, જેમાં

હવે જિલ્લાના ઈતિહાસનો સંગ્રહ સામેલ છે.

- એસ. જે. એમ. વાંચનાલય અને રાષ્ટ્રીય પુસ્તકાલય (એસ. જે. એમ. વાયનશાલા અને દેશીયા ગ્રંથાલયમ) કંડક્કાઈમાં આવેલું છે. કેરળમાં ઓગણીસમી સદીના સામાજિક સુધારા આંદોલનો દરમિયાન, શ્રી જાથવેદ ગુરુ નામના એક વ્યક્તિ કંડક્કાઈ ગયા હતા અને ત્યાંના ગ્રામજનોને જાતિવાદી ઉચનીચ અને ભેદભાવ સામે લડવાની અને તેનાથી આગળ વધવાની જરૂરિયાત વિશે શીખવ્યું હતું. આ કાર્યના ભાગ રૂપે, ગુરુએ એક નાના પુસ્તકાલયની સ્થાપના કરી હતી જે ત્યારબાદ આજે દસ હજારથી વધુ પુસ્તકોનો સંગ્રહ ધરાવતું બન્યું છે.

- સી. માધવન મેમોરિયલ રીડિંગ હોલ (સી. માધવન સ્મારક વાયનશાલા), પિનરાઈમાં સ્થિત છે. કેરળમાં કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા(-ભારતનો સામ્યવાદી પક્ષ)નું પ્રથમ સંમેલન 1939 માં પિનરાઈમાં ગુપ્ત રીતે યોજાયું હતું. બે દાયકા પછી, પ્રગતિશીલ યુવા સંગઠન 'શ્રીનારાયણ આશ્રિત યુવાજન સંઘમ' દ્વારા એક સામાજિક કાર્યકર્તાના નામ પરથી 'સી. માધવન મેમોરિયલ લાઈબ્રેરી' બનાવવામાં આવી. સ્થાનિક દાન પ્રણાલી દ્વારા દર વર્ષે હજારો પુસ્તકો અહીં એકત્રિત અને સંગ્રહિત કરવામાં આવે છે. અહીં સામુદાયિક ભાવનાનો વિસ્તાર થયો છે. હવે, જ્યારે આ વિસ્તારમાં નવું ઘર બને છે, ત્યારે પુસ્તકાલયના નામે નજીકમાં એક ફળનું ઝાડ વાવવામાં આવે છે.

* કેરળમાં બોલાતી ભાષા મલયાલમમાં, ગ્રંથાલયમનો અર્થ થાય છે પુસ્તકાલય. જ્યારે વાયનશાલા અર્થ થાય છે વાંચન ખંડ(વાંચનાલય), એવી જગ્યા જ્યાં લોકો બેસીને વાંચી શકે, જેમાંથી કેટલાક એવા નાના ઓરડાઓ છે જેમાં માત્ર થોડા અખબારો અને સામયિકો હોય છે પરંતુ બહુ ઓછા કે કોઈ પુસ્તકો નથી હોતા. જો કે, કેટલીકવાર પુસ્તકાલયનો સંદર્ભ આપવા માટે પણ વાયનશાલા શબ્દનો ઉપયોગ થાય છે. અહીં આપવામાં તમામ સંસ્થાઓમાં પુસ્તકાલય અને વાંચન માટે જગ્યાની સુવિધા છે, જેમ કેરળની મોટાભાગની પુસ્તકાલયોમાં છે.

અહીં કૌંસમાં આપેલા નામો પુસ્તકાલયોના સત્તાવાર નામો છે. આમાંના કેટલાક નામોમાં મલયાલમ અને અંગ્રેજી શબ્દોનો સમાવેશ થાય છે. મલયાલમ લિપિ ધ્વન્યાત્મક છે, જે સૂચવે છે કે શબ્દો જેમ લખવામાં આવે છે તેમ ઉચ્ચારવામાં આવે છે. પરંતુ સમય જતાં, મલયાલમ શબ્દોનું વારંવાર અંગ્રેજીમાં જોડણી સાથે લિપ્યંતરણ થવાના કારણે શબ્દોનો ઉચ્ચાર કેવી રીતે કરવો જોઈએ તેનો અચોક્કસ ખ્યાલ આપે છે. અહીં અમે એવી જોડણીનો ઉપયોગ કર્યો છે જે મલયાલમ શબ્દોના ઉચ્ચારની રીતે શક્ય તેટલી નજીક છે. જ્યારે લિપ્યંતર તેમના વાસ્તવિક ઉચ્ચારને પ્રતિબિંબિત નથી કરતું તેવા યોગ્ય નામોના કિસ્સામાં, વ્યાપકપણે ઉપયોગમાં લેવાતી પ્રમાણભૂત જોડણીઓને જાળવી રાખવામાં આવી છે.

- કુલપ્પુરમ વાંચનાલય અને પુસ્તકાલય (કુલપ્પુરમ વાયનશાલા અને ગ્રંથાલયમ), એઝોમમાં આવેલું છે. 1950 ના દાયકામાં, એઝોમ ગામના વણકરોએ યંગ મેન્સ ક્લબ નામનો એક વાંચન ખંડ બનાવ્યો હતો. તે વાંચન ખંડ હવે ત્રણ માળનું આબોહવા-નિયંત્રિત પુસ્તકાલય છે જેમાં જાહેર કાર્યક્રમો માટેની જગ્યા, એક મોટું રમતનું મેદાન અને શાકભાજી-નો બગીચો છે. આ પુસ્તકાલય પુસ્તકો પહોંચાડવા ઉપરાંત મહિલાઓ માટે મોટરસાયકલ ડ્રાઈવિંગ વર્ગો સહિતની અનોખી સામાજિક સેવાઓ પણ પ્રદાન કરે છે અને તેનાથી એકસોથી વધુ મહિલાઓને ડ્રાઈવિંગ લા-ઈસન્સ મેળવવામાં મદદ મળી છે. 2008 માં, પુસ્તકાલયે પરિયારામમાં આવેલી સરકારી મેડિકલ કોલેજ-કન્નુરના આરોગ્ય કર્મચારીઓ સાથે ભાગીદારી કરીને ગામના 700 ઘરોની મુલાકાત લીધી હતી. ડોક્ટરો અને ગ્રંથપાલોએ ભેગા મળીને આરોગ્ય સંબંધિત માહિતી એકત્રિત કરવા અને મ્યુનિસિપલ સેવાઓ વિશે માહિતી પૂરી પાડવા માટે વિસ્તા-રના દરેક ઘરની મુલાકાત લીધી હતી.

- હોમલેન્ડ અપલિફ્ટમેન્ટ રીડિંગ હોલ & પબ્લિક લાઈબ્રેરી [જન્મભૂમિ ઉત્થાન વાંચનાલય અને જાહેર પુસ્તકાલય] (દેશોદ્ધારન વાયનશાલા અને પબ્લિક લાઈબ્રેરી) ચલામાં આવેલી છે. ખજૂરના ઝાડની વનરા-જિની કોર પર સ્થિત, આ સાધારણ પુસ્તકાલય 1960 ના દાયકામાં ખેડૂતો દ્વારા સ્થાપિત કરવામાં આવ્યું હતું જેઓ બીડી (ભારતીય ઉપ-ખંડમાં કામદારોમાં લોકપ્રિય હાથથી ફેરવેલી સિગારેટ) બનાવીને, કાપડ વણીને અને વિવિધ પ્રકારની દૈનિક મજૂરી કરીને ગુજરાન ચલાવતા હતા. આ ખેડૂતોએ વાંચન અને ચિંતન માટે સ્થળ બનાવવા માટે તેમના પૈસા એકઠા કર્યા હતા. આજે, પુસ્તકાલયમાં લગભગ 9,000 પુસ્તકો છે.

- થાલિયાન રામન નામ્બિયાર મેમોરિયલ પબ્લિક રીડિંગ હોલ (થાલિયાન રામન નામ્બિયાર સ્મારક પોટુજાના વાયનશાલા), કાવુમ્બાયીમાં સ્થિત છે. અગ્રણી કાર્યકર થાલિયાન રામનની 1946માં કાવુમ્બાયીમાં ખેડૂત બળવા દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી અને ચાર વર્ષ પછી સાલેમ જેલમાં થયેલા હત્યાકાંડમાં પોલીસ દ્વારા તેમની હત્યા કરવામાં આવી. 1962માં, સ્થાનિક ખેડૂતોએ તેમના માનમાં આ પુસ્તકાલય બનાવ્યું હતું.

- એવન લાઈબ્રેરી (કરીવેલુર). 1973માં એવન ક્લબને એવન લાઈબ્રેરીમાં રૂપાંતરિત કરવામાં આવી હતી, જેમાં આજે 17,574 પુસ્તકો છે અને 619 સભ્યો છે. આ પુસ્તકાલય બાળકો માટે વાંચનનું આયોજન કરે છે, ફિલ્મ સ્ક્રીનીંગનું આયોજન કરે છે અને વૃદ્ધોને તેમના ઘરે પુસ્તકો પહોંચાડે છે. સ્થાનિક વિદ્વાનો દ્વારા લખાયેલા બે ઈતિહાસ નિબંધો માટે પુસ્તકાલયનું એક સ્થાનિક ઈતિહાસ જૂથ પ્રોત્સાહક(ઈન્ક્યુબેટર) રહ્યું છે.

રોગચાળા(COVID 19) દરમિયાન, સમુદાયોને સુરક્ષિત રાખવા અને વિદ્યાર્થીઓને તેમનું શિક્ષણ ચાલુ રાખવા માટે સક્ષમ બનાવવામાં પુસ્તકાલય ચળવળનું માળખું મુખ્ય રહ્યું હતું. આનું એક નોંધપાત્ર ઉદાહરણ નેટવર્ક પ્રોજેક્ટ છે, જે કન્નુર જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં સામાજિક વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી શરૂ થયો હતો. આ પ્રોજેક્ટનું નેતૃત્વ CPI(M) ના રાજકારણી અને ભારતની રાજ્યસભા (સંસદનું ઉપલું ગૃહ) ના સભ્ય ડૉ. વી. શિવદાસન દ્વારા કરવામાં આવ્યું હતું. ટૂંક સમયમાં આ પ્રોજેક્ટ પીપલ્સ મિશન ફોર સોશિયલ ડેવલપમેન્ટ (PMSD) નો એક અભિન્ન હિસ્સો બન્યો હતો, જે કન્નુર જિલ્લા પુસ્તકાલય પરિષદ હેઠળ એક ટ્રસ્ટ છે. આ ટ્રસ્ટમાં કેરળના મુખ્યમંત્રી પિનરાયી વિજયન તેના મુખ્ય આશ્રયદાતા અને શિવદાસન અધ્યક્ષ છે. PMSD એ દરેક વોર્ડ (ભારતીય વહીવટી પ્રણાલીનો સૌથી નાનો ચૂંટણી વિભાગ) માં પુસ્તકાલય બનાવવામાં મદદ કરવાનું વચન આપ્યું હતું. આ પહેલના ભાગ રૂપે, PMSD એ કન્નુર યુનિવર્સિટી અને કેરળની પુસ્તકાલય પરિષદ સાથે મળીને જાન્યુઆરી 2023 માં પ્રથમ ભારતીય પુસ્તકાલય કોંગ્રેસ (ઈન્ડિયન લાઈબ્રેરી કોંગ્રેસ) નું આયોજન કર્યું હતું જેમાં પાંચ લાખ લોકોએ ભાગ લીધો હતો. કોંગ્રેસનું આયોજન કરવા માટે, આયોજકોએ વિવિધ વિષયો પર 1,500 સેમિનાર યોજ્યા હતા. તેમાં 3,000 ગ્રંથપાલો હતા, જેમની સાથે સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના કર્મચારીઓ, સરકારી અધિકારીઓ, સહકારી કાર્યકરો, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય લોકો જોડાયા હતા.

ભારતીય પુસ્તકાલય કોંગ્રેસ નીચેના વિચારોને પ્રોત્સાહન આપવા માટે ભારતભરના વિવિધ રાજ્યોમાં આયોજિત વાર્ષિક કાર્યક્રમ બની ગયો છે:

1. શક્ય તેટલા વધુ વિસ્તારોમાં પુસ્તકાલયો હોવા જોઈએ, અને આ પુસ્તકાલયો ફક્ત પુસ્તકો જ નહીં પરંતુ શક્ય તેટલી અદ્યતન ટેકનોલોજીનો ભંડાર પણ હોવા જોઈએ.

2. આ પુસ્તકાલયો ફક્ત શહેરી વિસ્તારોમાં જ નહીં પરંતુ ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં પણ સ્થાપિત થવા જોઈએ, જેમ કે ઉત્તરપૂર્વીય કેરળના વાયનાડનો પર્વતીય વિસ્તારો.

3. આ પુસ્તકાલયો સમુદાય માટે એક મહત્વપૂર્ણ અને સક્રિય જાહેર જગ્યા હોવા જોઈએ. તથા સાંસ્કૃતિક વિકાસ માટે પ્રોત્સાહક(ઈન્ક્યુબેટર) હોવા જોઈએ. તેની સાથોસાથ તે મૂવી સ્ક્રીનીંગ, રમતગમત, કલા મેળાઓ, ઉત્સવો અને વ્યાવસાયિક તાલીમ વર્ગો જેવી પ્રવૃત્તિઓના આયોજનના કે આયોજન સ્થળના કેન્દ્રો બનવા જોઈએ. આ પુસ્તકાલયોની પાસેમાં આરોગ્ય કેન્દ્રો અને વિજ્ઞાન વર્ગો સ્થાપિત કરવા જોઈએ.[20]

પુસ્તકાલય ચળવળ દૈનિક ઢબે કામ કરતા લોકો દ્વારા બનાવવામાં આવે છે. તેમાંના એક છે પય્યન્નુરમાં આવેલ અન્નુર ગામના રાજન વી.પી. જેઓ માત્ર છઠ્ઠા ધોરણ સુધી ભણેલા બીડી કામદાર છે. જ્યારે રાજને નાની ઉમરે બીડીની ફેક્ટરીમાં કામ કરવાનું શરૂ કર્યું, ત્યારે તે કામદારો દ્વારા વારાફરતી બપોરના ભોજન પહેલાં દૈનિક અખબાર મોટેથી વાંચવાની અને બપોરના ભોજન પછી નવલકથા વાંચવાની પ્રથાથી પ્રભાવિત થયા. આ પ્રથા ક્યુબાની સિગાર વર્કશોપમાં પણ જોવા મળે છે. વાંચનથી રાજનને વધુ અભ્યાસ કરવાની પ્રેરણા મળી, જેના કારણે તેમને તેમના ઘરની નજીક એક સહકારી બેંકમાં કારકુન તરીકે નવી નોકરી મળી. 2008 સુધીમાં, તે બેંકના મેનેજર હતા. તે વર્ષે, રાજને પીપલ્સ લાઈબ્રેરી અને રીડિંગ રૂમની સ્થાપના કરી, જે હવે શહેરમાં સાંસ્કૃતિક જીવનનું કેન્દ્ર બની ગયું છે.

પુસ્તકાલય ચળવળની બીજી મુખ્ય વ્યક્તિ રાધા વી. પી. (ઉમર સાઈઠ વર્ષ) છે, જે સાતમા ધોરણ સુધી ભણેલી બીડી કામદાર હતી અને નાની ઉમરે તેના ઘરની વડી બની હતી. એક યુવાન છોકરી તરીકે, તેણીએ CPI(M) નું સાપ્તાહિક મેગેઝિન, દેશાભિમાની વાંચવાનું શરૂ કર્યું અને આ મેગેઝિનમાં આવતી વાર્તાઓ અને કવિતાઓ પર તેની ટિપ્પણીઓ લખીને પત્રો દ્વારા સંપાદકોને મોકલવાનું શરૂ કર્યું. 2002 માં, રાધા 'પ્રવાસી જવાહર લાઈબ્રેરી'માં જોડાઈ

(જેની સ્થાપના એક વર્ષ પહેલા થઈ હતી), જે વાચકોના ઘરે, ખાસ કરીને મહિલાઓ અને વૃદ્ધોના ઘરે પુસ્તકો પહોંચાડે છે. પછી ટૂંક સમયમાં, દરેક ઘરમાં પુસ્તકો પહોંચાડતી અને એક હાથમાં લાઈબ્રેરી રજિસ્ટર તથા ખભા પર પુસ્તકોથી ભરેલી બેગ સાથેનો તેણીનો ચહેરો સ્થાનિકો માટે આનંદનો સ્ત્રોત બની ગયો. 2018 માં, તેણીએ દસમું ધોરણ પૂર્ણ કર્યું અને ઉચ્ચ શિક્ષણ માટે લાયક બનવા જરૂરી રાજ્ય પરીક્ષા પણ પાસ કરી. છતાં, અભ્યાસ અને કાર્ય વચ્ચે પણ, પુસ્તકાલય પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા ક્યારેય ડગમગી નહીં. 'આ એક એવું કામ છે જે મને ખૂબ ગમે છે', તેણીએ કહ્યું. 'મને ક્યારેય લાગ્યું નથી કે બેગ ભારે છે, કારણ કે પુસ્તકોની સુગંધ હંમેશા મને અપાર ખુશી આપે છે'.[21]

રાજન અને રાધા જેવા કામદારો આખા કેરળમાં ફેલાયેલી સમૃદ્ધ લાઈબ્રેરી ચળવળ પાછળની માનવ પહેલનું પ્રતિનિધિત્વ કરે છે.




સાલ્વાટોર કાર્લેઓ દ્વારા આર્ટવર્ક (ઇટાલી/પોટેરે અલ પોપોલો!)

# જાપાનથી ચંદ્ર સુધી રેડ બૂક્સ ડે (લાલ પુસ્ત-કોનો દિવસ)

21 ફેબ્રુઆરી 2019 ના રોજ, CPI(M) સાથે જોડાયેલા પ્રકાશકોના જૂથ, ઈન્ડિયન સોસાયટી ફોર લેફ્ટ પબ્લિશર્સ દ્વારા એક પહેલ કરવામાં આવી હતી જે ટૂંક સમયમાં લાલ પુસ્તકોના દિવસ તરીકે જાણીતી બનવાની હતી. આ કાર્યક્રમ, ધ કમ્યુનિસ્ટ મેનિફેસ્ટો(સામ્યવાદી જાહેરનામું)ના પ્રકાશન અને આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની 171 મી વર્ષગાંઠની યાદમાં, સામૂહિક જીવનને બિનસાંપ્રદાયિક, સાંસ્કૃતિક અને સમાજવાદી ધોરણે બચાવવાનો પ્રયાસ કરે છે. રેડ બુક્સ ડેએ ટૂંક સમયમાં જ વિશ્વભરના પ્રકાશકોનું ધ્યાન ખેંચ્યું અને 2020 સુધીમાં દક્ષિણ કોરિયાથી લઈને ક્યુબા સુધી 30,000 થી વધુ લોકો દ્વારા તેની ઉજવણી કરવામાં આવી.[22] 2024 સુધીમાં, રેડ બુક્સ ડેમાં ઈન્ડોનેશિયાથી લઈને ચિલી સુધીના કાર્યક્રમોમાં દસ લાખ(જેમાંથી પાંચ લાખ ફક્ત કેરળમાં)થી વધુ લોકો ભાગ લીધો હતો.[23]

2020 માં, પ્રથમ વર્ષની ઉજવણી ભારતની સરહદોની બહાર વિસ્તરી અને ખેડૂત સંગઠનો તથા ટ્રેડ યુનિયનોના સભ્યોએ તમિલનાડુના નાના ગામ-ડાઓમાં રસ્તા પર પ્લાસ્ટિકની ખુરશીઓ વર્તુળાકારે ગોઠવીને સામ્યવાદી જાહેરનામાની ચર્ચા કરી હતી. આ દરમિયાન, બ્રાઝિલના ભૂમિહીન કામદાર ચળવળ (MST) ની વસાહતોમાં, બધા સભ્યો સાથે બેસીને કાર્નિવલ ઉત્સવો દરમિયાન વારાફરતી મોટેથી વાંચન કરતા હતા. નેપાળના પર્વતોમાં, કૃષિ કા-મદારોના સંઘે તેમના પોતાના લાલ પુસ્તકોની ચર્ચા કરી જ્યારે તાંઝાનિયામાં ભૂમિહીન ખેડૂતોએ સાક્ષરતાના મહત્વ વિશે વાત કરી.

ચાર વર્ષ પછી, ક્યુબામાં દસ દિવસના 'હવાના પુસ્તક મેળા'માં 21 ફેબ્રુઆરી-ના દિવસને ખાસ રેડ બુક્સ ડે શ્રેણીના કાર્યક્રમો માટે અલાયદો ફાળવવામાં આવ્યો હતો. કેરળમાં, ચેમ્મ પાર્વતીએ રેડ બુક્સ ડેનો વિડીયો બનાવ્યો જેમાં તેણી ત્રિવેન્દ્રમના બજારો અને વર્કશોપમાં ઈન્ટરનેશનલના ફ્રેન્ચ સંસ્કરણ પર નૃત્ય કરતી દર્શાવવામાં આવી હતી. આ ગીતના અંતમાં ચેમ્મ પાર્વતી

દરિયા કિનારે સામ્યવાદી ધ્વજ અને ક્ષિતિજમાં લાલ સૂર્ય સાથે દેખાય છે. તેના વિડીયોની સાથોસાથ વિશ્વભરના કલાકારો દ્વારા ડિઝાઈન કરાયેલા સર્જનાત્મક પોસ્ટરોની શ્રેણી પણ આવી હતી જે આ દિવસની ઉજવણી કરવા અને વધુને વધુ લોકોને તેમના વિસ્તારોમાં વાંચન અને પ્રદર્શનનું આયોજન કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

ચેમ્મ પાર્વતીનો રેડ બુક્સ ડે નો વિડિઓ

રેડ બુક્સ ડે 2020 ની પ્રથમ આંતરરાષ્ટ્રીય ઉજવણીની તૈયારીમાં, ઈન્ડિયન સોસાયટી ઓફ લેફ્ટ પબ્લિશર્સે વિશ્વભરના પ્રકાશકોની બેઠકો બોલાવી હતી. આ બેઠકો થકી ઈન્ટરનેશનલ યુનિયન ઓફ લેફ્ટ પબ્લિશર્સ (IULP) ની રચના થઈ, જેમાં હવે પિસ્તાળીસ પ્રકાશકોનો સમાવેશ થાય છે.[24] IULP ની રચના ફક્ત રેડ બુક્સ ડેને પ્રોત્સાહન આપવા માટે જ નહીં, પરંતુ ડાબેરી પ્રકાશકોને જમણેરી પક્ષના હુમલાઓથી બચાવવા તથા તર્કસંગત અને સમાજવાદી વિચારોને આગળ વધારવા માટે એક મંચ(પ્લેટફોર્મ) પૂરું પાડવા માટે કરવામાં આવી હતી. IULP એ એક જ દિવસે રોમાનિયનથી ઈન્ડોનેશિયન એમ વિવિધ ભાષાઓમાં અનેક સંયુક્ત પુસ્તકો (ચે ગૂવેરાના લખાણો અને પેરિસ કોમ્યુનની યાદમાં) નું પ્રકાશન કર્યું છે તથા લેખકો અને પ્રકાશકો પર હુમલા થયા ત્યારે તેમનો બચાવ કરવા માટે નિવેદનો બહાર પાડ્યા છે.[25]

પુસ્તકાલય ચળવળે કેરળભરના જાહેર પુસ્તકાલયોમાં રેડ બુક્સ ડે કાર્યક્રમોનું આયોજન કર્યું છે, જ્યાં સાંસ્કૃતિક કાર્યકરોએ ગીતો ગાયા છે અને અભિનય કર્યો છે જ્યારે લાખો લોકોએ તર્કસંગતતા અને સમાજવાદના વચનથી તેમનો ઉત્સાહ વધાર્યો છે.


રેડ બુક્સ ડે એ રેડ બુક્સ(લાલ પુસ્તકો) લખવા, પ્રકાશિત કરવા અને વાંચવાના અધિકારનો બચાવ કરવા તથા સમકાલીન અંધકારવાદી વિચારો જે તર્કને તોડી પાડે છે, તેની સામે લડવા માટે વ્યાપક સાંસ્કૃતિક સંઘર્ષનો એક ભાગ છે. આશા છે કે આ દિવસ IULP થી આગળ વધીને પ્રગતિશીલ દળોના કેલેન્ડરમાં એક મહત્વની તારીખ બનશે. IULP અને ડાબેરી પ્રવાહોના માર્ગથી ઘણા આગળ વધીને બીજા અન્ય વ્યક્તિઓ અને સંગઠનોએ રેડ

બુક્સ ડેની જવાબદારી લીધી છે કારણ કે તે પોતે સ્વયં એક શક્તિ બની ચૂક્યું છે અને પ્રગતિશીલ દળોના કેલેન્ડર પર એક મુખ્ય નિયત તારીખ બની ગયું છે. દાયકાના અંત સુધીમાં, અમને આશા છે કે એક કરોડથી વધુ લોકો રેડ બુક્સ ડેમાં ભાગ લેશે.

1930 ના દાયકામાં, ઉત્તર કાકેશસમાં જ્યોર્જીવ્સ્કીના સહિયારા ખેતરોની મહિલાઓએ સોવિયેત સરકારને એક પત્ર લખ્યો. 'અલબત્ત, મોટા ખેતરોનું યોગ્ય રીતે સંચાલન કરવા માટે અમારે અભ્યાસ કરવો જ જોઈએ', તેમણે લખ્યું. 'અમે આખો શિયાળો અભ્યાસ કરવા માંગીએ છીએ; વાંચન અને લેખન શીખવા માંગીએ છીએ; અમે રાજકીય જ્ઞાન અને વૈજ્ઞાનિક કૃષિના મૂળભૂત સિદ્ધાંતોનો અભ્યાસ કરવા માંગીએ છીએ. અમને વધુ પુસ્તકો અને નોટબુક આપો, કારણ કે સ્ત્રીઓમાં અભ્યાસ કરવાની ઈચ્છા ખૂબ જ છે'. આ મહિલાઓમાંના એક, ફેકલા ગોલોવચેન્કો (ઉંમર લગભગ પચાસ વર્ષ) એ ઉમેર્યું, 'જો હું યોગ્ય રીતે શિક્ષિત ન હોઉં, તો હું મારી બ્રિગેડ(ટુકડી)ને સંભાળી શકીશ નહીં'. મહિલાઓએ કહ્યું, શિક્ષણ, 'હવે વૈભવી વસ્તુ નથી. તે એક પૂ-ર્ણપણે જરૂરિયાત છે, જેમ કે તરસ્યા માણસ માટે પાણી'.[26]

જ્યોર્જીવ્સ્કી મહિલાઓના શબ્દોમાં ‘આઝાદીમાં વાંચન કરતું જૂથ (બ્રિગેડ ટુ રીડ ઈન ફ્રીડમ)’ના પાલોમા સૈઝ તેજેરોના શબ્દોનો પડઘો પડે છે, જેમણે અમને કહ્યું:

> જે લોકો વાંચે છે તે એવા લોકો છે જે ટીકાત્મક વિચારસરણીનું નિર્માણ કરે છે; તેઓ આદર્શ સમાજવ્યવસ્થા પુરસ્કર્તા છે. એવા લોકો જે પોતાના ઈતિહાસને જાણવાથી અને તેના પ્રત્યે મા-લિકી-ભાવના વિકસાવવાથી, તેઓ પોતાના મૂળ પર ગર્વ અનુભ-વશે. વાંચન સામાજિકીકરણ કરે છે; તે અનુભવો અને માહિતીની આપ-લે કરે છે. પુસ્તકો આપણને આપણી રચના કરનાર કારણો અને આપણા ઈતિહાસને સમજવામાં મદદ કરે છે; તે આપણી ચેતનાને આપણા ભૂતકાળ અને વર્તમાનને સ્થાપિત કરતા અવકાશ અને સમયની બહાર વિકસાવે છે. વાંચન વધુ સારા નાગરિકોનું નિર્માણ કરે છે. આપણે પુસ્તકોનો આભાર માનીએ કે તે આપણને અશક્યમાં વિશ્વાસ કરવાનું, સ્પષ્ટ પર અવિશ્વાસ કરવાનું, નાગરિક તરીકે આપણા અધિકારોની માંગ કરવાનું અને આપણી ફરજો પૂર્ણ કરવાનું શીખવે છે. વાંચન વ્યક્તિઓના વ્યક્તિગત અને સામાજિક વિકાસને પ્રભાવિત કરે છે; તેના વિના, કોઈપણ સમાજ પ્રગતિ કરી શકતો નથી.




ઇન્ગ્રિડ નેવ્સ દ્વારા આર્ટવર્ક (બ્રાઝિલ/ટ્રાઇકોન્ટિનેન્ટલ: ઇન્સ્ટિટ્યૂટ ફોર સોશિયલ રિસર્ચ)

# Notes

[1] John Reed, *Ten Days That Shook the World* (New Delhi: LeftWord Books, 2017), 53.

[2] Omar Martínez Legorreta, *Modernisation and Revolution in Mexico: A Comparative Approach* (Tokyo: United Nations University, 1989), 71.

[3] James Presley, *'Mexican Views on Rural Education 1900–1910', The Americas 20,* no. 1 (July 1963): 64–71.

[4] Jacqueline Paola Ayala Zamora, *La Obra Educativa de José Vasconcelos* [The Educational Work of José Vasconcelos] (Mexico City: Universidad Pedagógica Nacional, 2005).

[5] José Vasconcelos, 'Education in Mexico: Present Day Tendencies', *Bulletin of the Pan American Union 56,* no. 3 (January–June 1923): 230–245.

[6] Patience Alexandra Schell, *Church and State Education in Revolutionary Mexico City* (Tuscon: University of Arizona Press, 2003); Lloyd Hughes, *Las Misiones Culturales Mexicanas y su Programa* [Mexican Cultural Missions and their Programme] (Paris: UNESCO, 1950); Martha Eva Rocha Islas, *Los Rostros de la Rebeldía. Veteranas de la Revolución Mexicana, 1910-1939* [The Faces of Rebellion: Women Veterans of the Mexican Revolution, (1910–1939)] (Mexico City: Secretaría de Cultura, 2016); Paco Ignacio Taibo, *Los Bolcheviques: Historia Narrativa de los Orígenes del Comunismo en México 1919–1925* [The Bolsheviks: A Narrative History of the Origins of Communism in Mexico 1919–1925] (Mexico City: Joaquín Mortiz, 1986).

[7] Louise Schoenhals, 'Mexico Experiments in Rural and Primary Education, 1921–1930', *Hispanic American Historical Review 44,* no. 1 (1 February 1964): 22–43.

[8] Elsa Margarita Ramírez Leyva, 'Mexico Reads: National Program for the Promotion of Reading and the Book' (paper presented at the World Library and Information Congress: 77th IFLA General Conference and Assembly, San Juan, Puerto Rico, 13–14 August 2011).

[9] Ángel Vargas, "Leer te hace mucho más crítico y te da armas para defenderte todos los días": Paloma Saiz' ['Reading Makes You Much More Critical and Gives You Weapons to Defend Yourself Every Day': Paloma Saiz], *La Jornada,* 18 July 2024, https://www.jornada.com.mx/2024/07/18/cultura/a04n2cul.

[10] "The Single Greatest Educational Effort in Human History", *Language Magazine (blog), 8 November 2024,* https://www.languagemagazine.com/the-single-greatest-educational-effort-in-human-history/.

[11] Wang Yianwei and Li Jiyuan, *Reform in Literacy Education in China* (Geneva: UNESCO, International Bureau of Education, 1990).

[12] Glen Peterson, *The Power of Words: Literacy and Revolution in South China,* 1949–1995 (Vancouver: University of British Columbia Press, 1997), 3.

[13] V. I. Lenin, 'The New Economic Policy', *Lenin Collected Works*, vol. 33, (Moscow: Progress Publishers, 1965), 78.

[14] Heidi Ross, with contributions from Jingjing Lou, Lijing Yang, Olga Rybakova, and Phoebe Wakhunga, *China Country Study,* background paper commissioned for the *Education for All Global Monitoring Report 2006: Literacy for Life (2005)*, UNESCO, 2006/ED/EFA/MRT/PI/85.

[15] Peterson, *The Power of Words,* 85.

[16] Priscilla C. Yu, 'Leaning to One Side: The Impact of the Cold War on Chinese Library Collections', *Libraries and Culture 36*, no. 1 (2001): 256; Zhixian Yi, 'History of Library Developments in China' (paper presented at the 'Future Libraries: Infinite Possibilities', session 164, Library History Special Interest Group, International Federation of Library Associations and Institutions Conference, Singapore, 15–23 August 2013), https://library.ifla.org/id/eprint/143/1/164-yi-en.pdf

[17] Xi Jinping, 'Full Text of Xi Jinping's Congratulatory Letter to the First National Conference on Reading', *China Daily*, 23 April 2022, https://www.chinadaily.com.cn/a/202204/23/WS6263ad99a310fd2b29e58dbf.html.

[18] State Planning Board, Government of Kerala, 'Population and the Macro Economy', in *Economic Review 2017* (Thiruvananthapuram: Government of Kerala, January 2018), accessed 12 January 2025, https://spb.kerala.gov.in/economic-review/ER2017/web_e/ch11.php?id=1&ch=11.

[19] Lawrence Liang and Aditya Gupta, *The Public Library Movement in India: Bedrock of Democracy and Freedom* (Public Resource, 2024), 54–55.

[20] P. Mohandas and Manu M. R., eds., *People Own Spaces Emergence of Libraries in Kerala* (Kannur: Indian Library Congress, 2024).

[21] M. A. Rajeev Kumar, 'Bag Full of Joy and Wisdom', *The New Sunday Express,* 26 June 2022.

[22] 'Red Books Day Celebrated on Each Continent', Tricontinental: Institute for Social Research, 30 April 2020, https://thetricontinental.org/booklet-red-books-day/.

[23] Nitheesh Narayanan, Sudhanva Deshpande, and Vijay Prashad, 'Red Books Day 2024', *Peoples Democracy*, 3 March 2024, https://peoplesdemocracy.in/2024/0303_pd/red-books-day-2024.

[24] 'Who We Are', *International Union of Left Publishers*, https://iulp.org/about.

[25] For a full list, see *'Books', Tricontinental: Institute for Social Research*,https://thetricontinental.org/books//.

[26] Georgii Nikolaevich Serebrennikov, *The Position of Women in the USSR* (London: Victor Gollancz, 1937), 81.

Attribution-NonCommercial 4.0
International (CC BY-NC 4.0)

This publication is issued under a Creative Commons Attribution-NonCommercial 4.0 International (CC BY-NC 4.0) license. The human-readable summary of the license is available at https://creativecommons.org/licenses/by-nc/4.0/.

Tricontinental: Institute for Social Research
*is an international, movement-driven institution focused on stimulating intellectual debate that serves people's aspirations.*
www.thetricontinental.org

Instituto Tricontinental de Investigación Social
*es una institución promovida por los movimientos, dedicada a estimular el debate intelectual al servicio de las aspiraciones del pueblo.*
www.eltricontinental.org

Instituto Tricontinental de Pesquisa Social
*é uma instituição internacional, organizada por movimentos, com foco em estimular o debate intelectual para o serviço das aspirações do povo.*
www.otricontinental.org